અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ
(અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ અનુસૂચિત
જાતિ તથા અનુ. જનજાતિ (અ. નિવારણ) નિયમો, ૧૯૯૫
હેઠળ તકેદારીસમિતિઓની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્ર : હસલ / ૧૦૯૬ / ૮૨૫ / ઙ
સચિવાલય, ગાંધીનગર.
તા. 22 MAR 1999

વંચાણમાં લીધા :-

૧. સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫-૪-૯૦ નો ~~ઠરાવ~~ ક્ર : હસલ/૧૩૮૯/૫૦૧/ હસેલ
૨. ભારતસરકારના કલ્યાણ મંત્રાલયના તા.૩૧-૩-૯૫ ના જાહેરનામા ક્ર : જીએસઆર ૩૧૬-ઈ)
૩. સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૨-૮-૯૭ નો ~~ઠરાવ~~ ક્ર: હસલ/૧૩૮૯/૫૦૧/ ઙ
૪. સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૭-૮-૯૭ નો ~~ઠરાવ~~ ક્ર : હસલ / ૧૩૮૯ /૫૦૧/ઙ
૫. સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૬-૧૨-૯૮ નો ~~ઠરાવ~~ ક્ર : હસલ/૧૦૯૭/૧૯૧૦/ ઙ

ઠ રા વ :-

આમુખમાં ક્રમાંક:૧ આગળ દર્શાવેલ આ વિભાગના ઠરાવથી જીલ્લા તકેદારી સમિતિ / શહેરી તકેદારી સમિતિ અને તાલુકા તકેદારી સમિતિનું માળખું નિયત કરવામાં આવેલ હતું. આમુખમાં દર્શાવેલ ક્ર : ૩ આગળના તા.૧૨-૮-૯૭ ના ઠરાવથી શહેરી તકે તકેદારીસમિતિના માળખામાં ફેરફાર કરી નવુ માળખું નિયત કરવામાં આવેલ છે. તથા આમુખમાં દર્શાવેલ ક્ર :૪ આગળના તા.૨૭-૮-૯૭ ના ઠરાવથી શહેરી તકેદારી સમિતિમાં બિનસરકારી સભ્યોની નિમણુંક સરકારશ્રીના આદેશો મેળવી કરવી તે પ્રમાણે ઠરાવવામાં આવેલ છે. આમુખમાં ક્ર: ૨ આગળ દર્શાવેલ ભારતસરકારના કલ્યાણ મંત્રાલયના તા.૩૧/૩/૧૯૯૫ ના જાહેરનામાથી અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યા. નિવા.) નિયમો ૧૯૯૫ અમલમાં મુકવામાં આવેલ છે અને સરકાર દ્વારા તે સ્વીકારવામાં આવેલ છે અને તે અન્વયે આમુખમાં દર્શાવેલ ક્ર : ૫ આગળના તા. ૧૬-૧૨-૯૮ ના ઠરાવથી જીલ્લા તકેદારીસમિતિનું માળખું નિયત કરવામાં આવેલ છે. ભારતસરકાર તરફથી પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યા. નિવા.) નિયમો ૧૯૯૫ માં શહેરી તકેદારીસમિતિનો

તથા તાલુકા તકેદારી સમિતિઓ માટે કોઇ જોગવાઇ નથી. તેથી શહેરી અને તાલુકા કક્ષાએ તકેદારી સમિતિઓ હાલના ઠરાવો પ્રમાણેનું માળખું ચાલુ રાખવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે તાલુકા તકેદારી સમિતિનું માળખું આમુખમાં ક્ર : ૧ આગળ દર્શાવેલ આ વિભાગના તા.૨૫-૪-૯૦ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે તે ચાલુ રાખવામાં આવે છે. તથા તાલુકા તકેદારી સમિતિના બિન-સરકારી સભ્યોની નિમણુંક સંબંધિત તાલુકાના મામલતદારશ્રીએ જીલ્લાના પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં રહીને કરવાની રહેશે. શહેરી તકેદારી સમિતિનું માળખું આમુખમાં ક્ર : ૩ આગળ દર્શાવેલ તા. ૧૨-૮-૯૭ ના ઠરાવ મુજબ ચાલુ રાખવામાં આવે છે અને તારીખ:૨૭-૪-૯૭ ના ઠરાવથી કરેલ જોગવાઇ રદ કરીને શહેરી તકેદારી સમિતિના બિનસરકારી સભ્યો-ની નિમણુંક પોલીસ કમિશનરશ્રીએ જીલ્લાના પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં રહીને કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

2 MAR 1999

( વિ. મ. પરમાર )
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગતસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબમંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ જરુરી કાર્યવાહી સારુ (સર્વે મામલતદારશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ.)
સર્વે જીલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશનરશ્રીઓ
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ ૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
તકેદારી અધિકારીશ્રી, રાજકોટ, વડોદરા, અમદાવાદ
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
સર્વે મામલતદારશ્રીઓ ( [illegible] )
સચિવાલયના સર્વે વિભાગો